Volume 1, Issue 8
November
2023

# ટપક E-MAGAZINE

26 – ઓમનગર (3), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી 365601, ગુજરાત




SskK
CELEBRATING 43 Years ANNIVERSARY
24TH NOVEMBER 2023


સંસ્થાની સ્થાપનાને ૪૩ વર્ષ પૂર્ણ થયા. લોકભાગીદારી અને આપ સૌના પ્રેમ વચ્ચે સમય ક્યાં પૂર્ણ થયો ખબર જ ના પડી. ક્યારેક ચળવળ ક્યારેક જાગૃતિ તો ક્યારેક જવાબદારી સમજીને તક વંચિત લોકો સુધી પહોંચવાનું થયું. નાના - મોટા અને લાંબા તેમજ ટૂંકા ગાળાના પ્રોજેક્ટો થકી હજારોની સંખ્યામાં બાળકો, યુવાનો, ખેડૂતો અને મહિલાઓ સુધી પહોચી શક્યા. આપ સૌના સહિયારા પ્રયાસોથી નિત્ય નવીન કાર્ય કરવાનું પ્રેરક બળ મળી રહે છે અને મળતું રહેશે તે અભ્યર્થના સહ નવા વર્ષની શરૂઆત કરીએ.

## Training and Education

### વેકેશન દરમિયાન બાળકો સાથે ડાયરેક્ટ કામગીરી ના હોવાથી કાર્યકર મિત્રોએ ઓફીસમાં રહી TLM નું નિર્માણ કર્યું.





## CLA અને જેન્ડરના કાર્યકર મિત્રો માટે અમરેલી ઓફીસ ખાતે ૨૯ નવેમ્બરના રોજ તાલીમ યોજવામાં આવી.





## ચિતલ ખાતે સીવણની તાલીમ લઇ રહેલ બહેનોને કપાસની વીણી માટેની ૪૧૦ બેગ તૈયાર કરવાનો ઓર્ડર આપી સ્વરોજગારી તરફ લઇ જવા એક પ્રયાસ થયો. ટીંબી મુકામે ૧૨ બહેનો સાથે બ્યુટીપાર્લરના વર્ગની પણ શરૂઆત થઇ.









## Health and Environment

**તા. ૨૬ નવેમ્બરના રોજ સરસ્વતી વિદ્યામંદિર ચિતલ ખાતે નેત્ર નિદાન કેમ્પનું આયોજન થયું, જેમાં સંસ્થાની ટીમ સહયોગી બની. ૩૪ લાભાર્થીઓ પૈકી 14 લાભાર્થીઓને વીરનગર ખાતે વધુ સારવાર અને ઓપેરેશન કરવામાં આવ્યા.**









**આબોહવા અનુકુલનશીલ ખેતી માટે ખેડૂતોને ૧૧૬૦ આંબાના રોપા આપી તેમના ખેતરમાં કેરીના બગીચા બનાવવા પ્રોત્સાહિત કર્યા.**







ટપક E-MAGAZINE

Volume 1, Issue 8

November 2023

## Agriculture Growth and Disaster Risk

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી અને CICR (Central Institute For Cotton Research) નાગપુરના વૈજ્ઞાનિકો દ્વારા ફાર્મર ફિલ્ડ ડેનું તા. 3 નવેમ્બર ના રોજ લાઠી ખાતે આયોજન કરવામાં આવ્યું જેમાં ખેડૂતોને કપાસની જુદી જુદી જાતો તેમજ નીમ અર્ક બનાવવાની માહિતી મેળવી.**






**સરકાર સાથે કન્વર્ઝન્સ ભાગરૂપે તા. ૨૪ અને ૨૫ નવેમ્બર દરમિયાન રવિ કૃષિ મેળામાં સંસ્થા તેમજ કાર્યક્ષેત્રના ખેડૂત મિત્રો લાઠી, બાબરા, ખાંભા, ટીંબી, ઉના અને ચરખડી ખાતે સહભાગી થયા અને નવીનતમ ટેકનોલોજી જાણવા શીખવાનો મોકો મળ્યો.**












ટપક E-MAGAZINE

Volume 1, Issue 8

November 2023

## ચિતલ, લાઠી, ખાંભા, ટીંબી અને ધોકડવા ક્લસ્ટરના ખેડૂતો સાથે LG લીડર કાર્યશાળાનું આયોજન થયું.








## કરમાળ, મંડાળા અને પારીખા ગામોના 23 ખેડૂતોને ટપક પધ્ધતિના ફાયદા સમજાવી અને ટપક ઇન્સ્ટોલેશન માટે તૈયાર કરવામાં આવ્યા.





3 ગામોમાં પોષણ સંબંધી તાલીમ પૂર્ણ કરી અને ૬૩ બહેનોને દૈનિક વપરાશ માટેના શાકભાજી કિચન ગાર્ડન દ્વારા ઉગાડવા પ્રોત્સાહિત કર્યા.




ગોંડલ વિસ્તારના ૮૪ ખેડૂતોને ઘઉંના નિદર્શન માટે તેમજ ૧૩૦ મરચા પકવતા ખેડૂતોને વિવિધ ઈનપુટ માટે નિદર્શનો આપવામાં આવ્યા.




**Share your review**



www.sskkamreli.org info@sskkamreli.org

## ગોંડલના ઘરાળા, બંધીયા, જુના રાજપીપળા અને ભાડવા ગામે ૪ ચેકડેમ રીનોવેશનની કામગીરી શરુ કરેલ છે. આગામી સમયમાં કુલ 22 ચેકડેમોનું સમારકામ હાથ ધરવામાં આવશે.





## સુલતાનપુર GPDP અંતર્ગત ઓરીએન્ટશન તાલીમનું આયોજન કરવામાં આવ્યું.




Multipurpose Cyclone shelter maintenance and management committee ની મીટિંગ નલિયા માંડવી ખાતે કરવામાં આવી જેમાં જન સમુદાય પ્રતિનિધિ અને તલાટી/મંત્રી હાજર રહ્યા હતા. ઉન્નતિમાંથી કિરીટભાઈ પરમારે વિસ્તૃત જાણકારી આપી હતી.




## વડોદરા જિલ્લાના કાર્ય વિસ્તારના ગામોમાં કપાસની વીણી માટે ૪૧૫ કોટન બેગનું વિતરણ કરવામાં આવ્યું.




## ખેડૂતો ટકાઉ ખેતી પધ્ધતિ બાબતે જાગૃત બને તે માટે વડોદરાના 16 ગામો તેમજ અમરેલીના 3 ગામોમાં લોક ભવાઈનું આયોજન કરવામાં આવ્યું.



## આ ઉપરાંત મહિના દરમિયાન ખેડૂતોની વિવિધ તાલીમોનું આયોજન કરવામાં આવ્યું હતું.














Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

GREAT NONPROFITS 2023 TOP-RATED NONPROFIT
TRANSPARENCY CERTIFIED GuideStar India GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra
Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStar India
Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org


www.sskkamreli.org
info@sskkamreli.org